Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૧ — પોષ — પુસ્તક ૪૨ મું.
વિક્રમ સં. ૨૦૦૧ — :: ઇ. સ. ૧૯૪૫ જાન્યુઆરી :: — અંક ૬ ઠ્ઠો.

## શ્રી અજિતજિન સ્તુતિ

( દૂર ચલા ચલ—એ રાગ )

પ્રીત કીયા કર તૂં સદા પ્રીત કીયા કર,
જિનજી અજિત સેં તૂં સદા પ્રીત કીયા કર;
વહાં પ્યાર કે ઉજીયાર હૈ અંધીયાર નહિ હૈ,
સચ્ચા વહી સુખકાર હૈ દુઃખકાર નહિ હૈ.
પ્રીત કર કે તૂં તેરી જીત કીયા કર, પ્રીત કીયા કર.
જો મૂર્ખ હૈ કયા જાને યહ સત્ય કી બાતેં,
સત્ય કી બાતોં સેં હરે મોહકી રાતેં;
જૂઠ છોડ સત્ય કી તૂં રીત કીયા કર, પ્રીત કીયા કર.
હરદમ હો તેરે દિલમેં છબી જિનકી પ્યારી,
પાર હો જાવે જીવનકી નાવ તુમારી;
નિત્ય યશોભદ્ર પ્રભુ ગીત કીયા કર, પ્રીત કીયા કર.

---

## સંક્ષિપ્ત બોધવચનમાલા.

લેખક—આ. શ્રી વિજયપદ્મસૂરિ.

૧ દશ દૃષ્ટાંતે દુર્લભ એવા માનવજીવનને પામ્યા છતાં પણ મોહાદિ શત્રુઓના ગુલામ બનીને જે જીવો પરમ ઉલ્લાસથી અવિચ્છિન્ન પ્રભાવશાલી—ત્રિકાલાબાધિત—શ્રી જૈનેન્દ્ર શાસનની સાત્ત્વિકી આરાધના કરતા નથી તેઓ જ્યાં રત્નો ભરેલા છે એવા શ્રી રોહણાચલ પર્વત પર ગયા છતાં પણ રત્નો લેવા ભૂલી જનારા મનુષ્યો જેવા જાણવા. અહીં બ્રહ્મદત્તચક્રવર્તી વગેરેના દૃષ્ટાંતો જાણવા.

૨ જ્યાં સુધી ભાગ્ય સતેજ હોય, ત્યાં સુધી વિરોધી માણસે ગોઠવેલી અવળી બાજી પણ સવળી જ થઇ જાય છે, એટલે પુણ્યશાળી જીવને દુઃખ કારણ પણ સુખને આપે છે. સામાનું બૂરું કરવું, એ આપણા હાથમાં નથી તેમ કરતાં બૂરું ચિંતવનાર જીવનું તો જરૂર બૂરું થાય છે; માટે જ કહ્યું છે કે—" परस्य चिंत्यते, यत्तु स्वस्य तज्जायते ध्रुवं " આ બાબતમાં મણિકાર ( માણિભદ્ર ) શેઠના પુત્ર દામન્નકને જાનથી મારવા ચાહનાર સાગરદત્ત વગેરેના દૃષ્ટાંતો જાણવા. સાગરદત્તે દામન્નકને મારવા પ્રયત્નો કરતાં પોતાનો દીકરો સમુદ્રદત્ત કસાઈના હાથે માર્યો ગયો, ને તેના દુઃખથી પોતે પણ મરણ પામીને દુર્ગતિમાં ગયો. દામન્નકે પાછલા ભવમાં જીવહિંસા કરી હતી, તેથી ભવાંતરમાં મરકીના ઉપદ્રવથી તેના વંશના બીજા બધા મરી ગયા ને પૂર્વભવે પાળેલી જીવદયાના પ્રતાપે પોતે જ જીવતો રહ્યો. પાછલા ભવમાં ( દામન્નકના જીવ ) મચ્છીમાર નંદકે મુનિની ભક્તિ કરી, તેથી સાગરદત્તે તેનું પાલન કર્યું, જાળમાં આવેલા માછલાને ત્રણ વાર છોડી દીધા તેથી ત્રણ વાર તે મરતાં મરતાં બચી ગયો એટલે બે વાર કસાઇના હાથે મરતાં બચ્યો ને એક વાર સમુદ્રદત્તના હાથે મરતાં બચ્યો. માછલાંની પાંખ તોડવાથી તેની આ ભવમાં ( દામન્નકના ભવમાં ) આંગલી છેદાઇ ને જીવદયા પાળી તેથી તે ભવાંતરમાં ઉત્તમ કુલમાં જન્મ, આરોગ્ય, કલાજ્ઞાન, દીર્ઘાયુષ્ય, ઉત્તમરૂપ, યશઃકીર્ત્તિ, વિશાલ સુખસામગ્રી, આબાદી વગેરે પામ્યો એમ સમજીને ભવ્ય જીવોએ કોઇનું પણ બૂરું ચિંતવવું નહિ, ને પૂર્ણ ઉલ્લાસથી 'પોતાની જેવા બીજા જીવો ગણવા' આ શિક્ષાસૂત્રને યાદ રાખી, નિર્મલ જીવદયા પાળવી.

૩ મુનિઓ સ્વાધ્યાય કરતાં હોય, તે સાંભળતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક જીવોને વૈરાગ્યભાવના પ્રકટે છે ને મોક્ષમાર્ગની આરાધના કરવામાં ઉત્સાહ પ્રકટે છે–આ બાબતમાં દૃષ્ટાંત રત્નપુરના રાજા યશોભદ્ર અને અવંતીસુકુમાલાદિના જાણવા.

૪ શ્રી દત્તસૂરિ–યશોભદ્રસૂરિ–પ્રદ્યુમ્નાચાર્ય–ગુણસેનસૂરિ–દેવચંદ્રસૂરિ–હેમચંદ્રસૂરિ આ પટ્ટક્રમે શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ થયા.

૫ સિદ્ધરાજ જયસિંહ–કુમારપાલના દાદા દેવપ્રસાદના કાકા કર્ણદેવના પુત્ર થયા, એમ નીચેની બીના ઉપરથી જાણી શકાય છે.

| | |
|---|---|
| ભીમદેવ | ભીમદેવ (કર્ણદેવનો પિતા) |
| \| | \| |
| કર્ણદેવ | ક્ષેમરાજ |
| \| | \| |
| જયસિંહદેવ (સિદ્ધરાજ) | દેવપ્રસાદ |
| | \| |
| | ત્રિભુવનપાલ |
| | \| |
| | કુમારપાળ |

આ રીતે પરમાર્હત કુમારપાલ રાજા સિદ્ધરાજના સગા થાય એમ ઐતિહાસિક ગ્રંથોમાં પણ જણાવ્યું છે.

૬. જેમ સુખડનું ઝાડ બીજા લીંબડાના ઝાડ વગેરેથી ઢંકાયું હોય, તો પણ તે સુગંધથી પ્રકટ જણાય, તેમ સજ્જન પુરુષો પોતાનું નામ ન બોલે ને છુપા વેષમાં ફરતાં હોય, તો પણ પોતાના સદ્‌ગુણોથી છાનાં (ઢાંકયા) રહેતા નથી એટલે બીજા દેખનારા લોકો ગુણ જોઇને તરત જ સજ્જનને ઓળખી કાઢે છે.

૭. અપુત્રિયો રાજા મરણ પામે ત્યારે રાજ્યને લાયક પુરુષની તપાસ કરવા માટે પૂર્વે પાંચ દિવ્ય તૈયાર કરવામાં આવતા તે પાંચ દિવ્યના નામ આ પ્રમાણે જાણવા. ૧. હાથી ગર્જારવ કરે. ૨. અશ્વ હેષારવ (ખોંખારો) કરે. ૩. હાથી રાજ્યને લાયક પુરુષની ઉપર જળથી ભરેલો કળશ સૂંઢથી ઢોળે (ખાલી કરે). ૪. ચામર વીંઝાય. ૫. છત્ર મસ્તકે ધારણ કરાય. જેને ઉદ્દેશીને આ પાંચ દિવ્ય સફલ થાય તે પુરુષ રાજ્યને લાયક ગણાય. આવું મૂલદેવની બાબતમાં બન્યું, તેથી તે બેનાતટ નગરનો રાજા થયો. તેને અત્યંત દુઃખના સમયે પણ પરમ ઉલ્લાસથી સુપાત્રદાન દેવાથી રાજ્ય મળ્યું.

૮. ચાર ગતિરૂપ સંસારની રખડપટ્ટીનો નાશ કરવાનો અદ્વિતીય ઉપાય નિર્મલ સંયમની સાત્ત્વિકી આરાધના કરવી, એ જ છે. જેમ દાવાગ્નિને શાંત કરવા (ઓલવવા માટે) નવીન મેઘ સિવાય બીજો કોઇ સમર્થ થાય જ નહિ, તેમ સમ્યગ્દર્શન જ્ઞાન સહિત સંયમની આરાધના જ સંસારની રખડપટ્ટી દૂર કરાવવા સમર્થ છે, એમ ચોક્કસ સમજવું.

૯. જેની હયાતીમાં રાગ દ્વેષ વગેરે ભાવ શત્રુઓનું જોર ઘટવું જોઇએ, તેને બદલે તે વધતું હોય, તો તે ઉત્તમ જ્ઞાન કહી શકાય જ નહિ. સૂર્યના આકરા કિરણની આગળ જેમ અંધકાર ટકે જ નહિ, તેમ સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં રાગાદિ શત્રુઓનું કંઈ ચાલે જ નહિ. કહ્યું છે કે—

तज्ज्ञानमेव न भवति, यस्मिन्नुदिते विभाति रागगणः ॥
तमसः कुतोऽस्ति शक्ति-र्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥१॥

૧૦. આઠે કર્મોમાં મોહનીય કર્મ એ મુખ્ય છે. ને તેમાં પણ મિથ્યાત્વ મોહનીય મુખ્ય છે; કારણ કે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જણાવી છે.

૧૧. જે પરસ્ત્રીને માતા સમાન ગણે, પારકી ચીજને ઢેફા સમાન ગણે, ને સર્વ જીવોને પોતાની જેવા માને તે પંડિત કહેવાય. કહ્યું છે કે—

मातृवत्परदारेषु, परद्रव्येषु लोष्टवत् ॥
आत्मवत्सर्वभूतेषु, यः पश्यति स पण्डितः ॥ १ ॥

૧૨. પરવસ્તુઓની સ્પૃહા એ જ દુઃખનું ખરું કારણ છે, ને પરપદાર્થોની સ્પૃહાનો ત્યાગ એ સુખનું ખરું કારણ છે.

૧૩. જ્ઞાની આત્માઓ કરેલાં કર્મો ભોગવે છે ને અજ્ઞાની આત્માઓ પણ કરેલાં કર્મોને ભોગવે પણ તેમાં તફાવત એ પડે છે કે–જ્ઞાની આત્માઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમતા ભાવે હાય–વોય કર્યા વગર કર્મોનાં ફલો ભોગવે છે ને અજ્ઞાની આત્માઓ ધૈર્ય ગુમાવી બેસે છે ને હાય–વોય કરી કર્મ ભોગવે છે. તેઓ એમ સમજતા નથી કે હાય–વોય કરવાથી તો બીજા નવા અશુભ કર્મો જરૂર બંધાય છે.

૧૪. પાપકર્મના બંધની અપેક્ષાએ પુણ્યકર્મનો બંધ વ્યવહાર દૃષ્ટિએ ભલે સારો લેખાય, પણ ત્યાં સમજવું જોઇએ કે પાપ કર્મનો બંધ એ લોઢાની બેડી જેવો ને પુણ્ય કર્મનો બંધ એ સોનાની બેડી જેવો છે. પુણ્ય પાપનો સર્વથા નાશ થાય તો જ મુક્તિના અવ્યાબાધ સુખ મળે. ( ચાલુ )

# અધ્યાત્મ વચન

## મુનિ પુણ્યવિજયજી ( સંવિજ્ઞપાક્ષિક )

અધ્યાત્મની વ્યાખ્યા કરતાં શાસ્ત્રકાર મહારાજાએ કહ્યું છે કે–'**આત્માનમધિકૃત્ય પંચાચાર ચારિમા**' આત્માને ઉદ્દેશીને જે પાંચે (જ્ઞાનાચારાદિ) આચારની સાધના કરવી તેનું નામ 'અધ્યાત્મ' કહેવાય છે.

આ અધ્યાત્મ શાસ્ત્રનો ઉપદેશ અમૃત સમાન કહ્યો છે, તેથી પ્રગટ આત્મામાં પરમશાંતિ અનુભવાય છે અને અનુક્રમે મોક્ષસુખની પ્રાપ્તિ થઈ શકે છે. અધ્યાત્મ માર્ગ બતાવે તે 'અધ્યાત્મ વચન' છે. જે વચન એકાંત આત્મહિતને જ અર્થે પ્રવર્તે છે, જે વચન રાગ–દ્વેષાદિક વિકાર વર્જિત વીતરાગ પ્રભુની અમૃતમય વાણીના અનુવાદક હોય છે, જે વચન જ્ઞાન કે ક્રિયાનો એકાંત પક્ષ ખેંચતા નથી, જે વચનથી જ્ઞાન અને ક્રિયાને સાથે જ પુષ્ટિ મળે છે અને જે વચનવડે શુદ્ધ સમજપૂર્વક શુદ્ધ ક્રિયા સેવવા જ પ્રવર્તાય છે તેનું નામ '**અધ્યાત્મવચન**' કહી શકાય છે. જેમ પંખી બે પાંખવડે જ ઊડી શકે છે અને રથ બે ચક્રવડે જ ચાલી શકે છે, તેમ 'અધ્યાત્મ' પણ શુદ્ધ જ્ઞાનક્રિયાના સંમેલનથી જ પ્રવર્તે છે. તે વિના અધ્યાત્મ કહી શકાય જ નહિ. વસ્તુતત્ત્વની યથાર્થ સમજ મેળવી, હિતાહિતનો યથાર્થ વિવેક કરી જે સ્વહિત સાધનમાં પ્રવૃત્ત થાય છે અને અહિત કાર્યથી નિવૃત્ત થાય છે તે જ અંતે સ્વઇષ્ટ સિદ્ધ કરી શકે છે, તે વિના એકાંત જ્ઞાન કે ક્રિયાના પક્ષમાં પડી સ્વપરને ભારે નુકસાનીમાં ઉતારવાનું બને છે. અધ્યાત્મમાર્ગ આત્મકલ્યાણનો અમોઘ ઉપાય છે, તેથી તેમાં જે કંઇ કર્ત્તવ્ય કરવામાં આવે છે તે લોકદેખાવ માટે નહિ, પણ કેવળ પોતાના જ આત્માને લક્ષી તેની શુદ્ધિ અને તેની જ ઉન્નતિ અર્થે કરવામાં આવે છે. આવી અંતરદૃષ્ટિ જેને જાગી છે તે 'અધ્યાત્મદૃષ્ટિ' વા 'અધ્યાત્મી' કહેવાય છે. એવા અધ્યાત્મદૃષ્ટિ મહાપુરુષો સત્તરમા ને ઓગણીસમા સૈકામાં શ્રી આનંદઘનજી અને શ્રી ચિદાનંદજી થઇ ગયા. વર્તમાનમાં પણ કોઇ કોઈ વિરલ આત્મા એનો આંશિક અનુભવ અનુભવતા હશે. અનાદિકાળથી પરપુદ્ગલના અભ્યાસ યોગે જીવને અધ્યાત્મનું આચરણ તો દૂર રહ્યું, પણ એ વાર્તા પ્રત્યે પ્રેમ આવવો એય કઠીનતમ છે. એવા જીવો પૂ. ઉ૦ મહારાજે આઠ દૃષ્ટિ પૈકી બીજી તારા દૃષ્ટિમાં વર્તતાને જણાવ્યા છે.

**'એહ દૃષ્ટિ હોય વર્તતા મનમોહન મેરે,**
**યોગ કથા બહુ પ્રેમ મનમોહન મેરે'**
( બીજી દૃષ્ટિની સજ્ઝાય )

આ અધ્યાત્મ વિના પૂ. ઉપાધ્યાયજી મહારાજના શબ્દોમાં કહીએ તો—

**'અધ્યાત્મ વિણ જે ક્રિયા, તે તો તનુમલ તોલે;**
**મમકારાદિક યોગથી, ઇમ જ્ઞાની બોલે.'**

બાકી નામ અધ્યાત્મથી કંઇ દિ વળવાનો નથી. જેનું ભાવ અધ્યાત્મ સાચું છે અગર તેની સુરુચિ છે, સન્મુખભાવ છે તે જ આત્માના અધ્યાત્મના ત્રણ નિક્ષેપ ( નામ, સ્થાપના ને દ્રવ્ય ) સાચા છે. આ ચારેમાંથી એક નિક્ષેપો ઓળવવા યોગ્ય નથી. આવા અધ્યાત્મને સૌ કોઇ લેખક વાચક પામી–કેળવી સ્વ આત્માનું હિત સાધો એ જ સમીહા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જિનેન્દ્ર ભક્તિનું માહાત્મ્ય.

લેખકઃ-મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ વરસોડા.

**" भक्ति तीर्थकरे गुरौ जिनमते "**

**જગતમાં** તારક તરીકે જિનેશ્વરો છે. તેઓની ભક્તિ કરવાથી સાધક દુસ્તર સંસાર-સાગરને તરી જાય છે. વીતરાગ દેવની ભક્તિનો મહિમા અવર્ણનીય છે. મન અને વાણીથી પર હોવાથી યથાર્થ સ્વરૂપ સમજવું અશકય છે. પ્રાથમિક અવસ્થામાં રહેલા જીવો સંસારની વિચિત્ર જાળમાં જકડાયેલા હોવાથી અપાર દુઃખ અનુભવે છે. દુઃખોથી છૂટવા તલસે છે, વિવિધ પ્રયત્નો કરી છૂટે છે, છતાં બંધનો ઢીલાં થવાને બદલે ગાઢ બને છે, બંધનો શિથિલ કરવા કોઇપણ સાધન હોય તો તે તીર્થંકરદેવની ભક્તિ છે. ભક્તિરૂપ મંદાકિની શુષ્ક હૃદયોમાં જ્ઞાનનો વિકાસ કરે છે. શુદ્ધ જ્ઞાન અને નિર્મળ ચારિત્રને નવપલ્લવિત કરવા અપૂર્વ કાર્યો કરે છે. ભક્તિ વિના મોક્ષના દરવાજા ઉઘાડવાની અન્ય કોઇ ચાવી નથી.

" જો નર નિર્મલજ્ઞાન મન શુદ્ધિ ચરિત સાધે,
અનવધિ સુખકા સાર મુક્તિ કુંચિકા જીસકો લાધે;
શિવવાંછક પુરુષ મોક્ષપટ કો સદ્ય ઉઘારે,
મોહ મારકે પહોંચે મોક્ષમંદિર કે દ્વારે. ॥ ૧ ॥

ભક્તિ શબ્દ સુંદર છે. તેનો પ્રયોગ સર્વત્ર થતો જોઇએ છીએ પણ મોહી સરાગી આત્માને ભક્તિ કરવાથી આત્માનો ઉદ્ધાર કદી જ થતો નથી. ઊલટો આત્મા રાગના બંધનોથી બંધાઇ સંસાર વમળમાં પડે છે. એ જ ભક્તિ જિનેન્દ્ર દેવોમાં કરવામાં આવે તો સાચેસાચ આત્મા વીતરાગ બને. ભમરીના સંગથી ઇયળપણું મટીને ઇયળ ભમરી પદને પામે છે તેમ જીવ જિનના ધ્યાનથી જીવ જિન બને છે. ઝહેરના સેવનથી પ્રાણ નાશ પામે છે. એ જ ઝહેરને કુશલ વૈદ્ય શુદ્ધ બનાવી અનુપાનથી આપે તો શરીરમાં નવજીવન લાવે છે, પ્રાણશક્તિ આપે છે. રાગગ્રસ્ત જીવનું કદિ પણ હિત થયું નથી, થશે નહિં તેમ રાગીઓની ભક્તિ જીવનની મલિનતા પ્રાપ્ત કરાવે છે. માત્ર જિનેન્દ્રના ગુણકીર્ત્તન કરવાથી જ અંતઃકરણ નિર્મલ બને છે. દેવનો એ દેવ બનાવવાની શક્તિ જિનેશ્વરની ભક્તિમાં રહેલી છે. જિનેશ્વરના સ્વરૂપને ઓળખી જે ભક્ત જિનગુણગાન કરે છે તે જ પરમપદને પામે છે.

સ્વામી ગુણ ઓળખી,
સ્વામીને જે ભજે;
દરિશન શુદ્ધતા તેહ પામે,
જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય ઉલ્લાસથી,
કર્મ જીપી વસે મુક્તિધામે. ॥ ૧ ॥

વીતરાગ ભગવાન કલ્પવૃક્ષ ને ચિંતામણિ કરતાં અધિક શ્રેષ્ઠ છે. કલ્પિત વસ્તુને આપનારા સાધનો કરતાં ભગવાન અકલ્પ અચિન્ત્ય-સુખને આપે છે.

" ચિંતામણિ કહા તુમ આગે પરસુખદાઇ,
આપ અભાગે કહત કલ્પતરુ તુમ સમ કોઇ;
તુમ આગે સમર્થ કછું નાંહિ હોઇ "

જે જિનેશ્વરને શ્રદ્ધાપૂર્વક પીછાણે છે તે જ ગુરુને જિનમત અને સંઘને ઓળખી શકે છે. જિનેશ્વરની ભક્તિ-બહુમાનથી ગુરુ, જિનમત અને સંઘ ભક્તિ સત્ય બને છે. પ્રભુનાં દર્શન પૂજન સ્પર્શનથી જીવ શ્રેષ્ઠ સુવર્ણત્વને પામે છે. પારસમણિ પત્થર છતાં લોહને સુવર્ણત્વ આપે તેમાં કંઇ અધિકતા નથી. પ્રભુના સ્મરણ અને ધ્યાનથી અજરામરતા પ્રાપ્ત થાય છે.

" તુમ પદ ભેટત દીનદયાલા,
તુમ સમ સો હોવે તત્કાલા "

જિનેશ્વરના ચરણ-પૂજન કરનારને દીનદયાળ પરમાત્મા પોતાના જેવો બનાવે છે.

**" ध्यानाज्जिनेश ! भवतो भविना क्षणेन
देहं विहाय परमात्मदशां व्रजन्ति ॥**

નિરંતર નિષ્કામ ભાવનાથી જિનેશ્વરની આજ્ઞાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાલન અને તેમના ગુણોનું વર્ણન યત્કિંચિત્ આચરણ કરવાથી સાધક પરમપદની પ્રાપ્તિ કરી શકે છે. સર્વ જીવોમાં આત્મભાવ રાખનાર જિનેશ્વરનો સાચો ભક્ત છે. તેની ભક્તિ અખંડ સુખને અપાવે છે.

---

# આચાર્ય હરિભદ્રસૂરિનો યોગ

આચાર્ય હરિભદ્રસૂરિજીએ યોગ વિષય ઉપર અનુષાંગિક વિચારવાળા ચાર ગ્રંથો રચ્યા છે. જૈન યોગના આધ્યાત્મિક વિકાસનું સ્વરૂપ ચૌદ ગુણસ્થાનોમાં, ચાર ધ્યાન સ્વરૂપમાં અને ત્રણ અવસ્થાઓ રૂપમાં ઉપલબ્ધ થાય છે. હરિભદ્રસૂરિની શૈલી આધ્યાત્મિક ઉન્નતિને યોગરૂપે વર્ણવે છે. ફળ અને સાધનની એકરૂપતા દેખાડે છે. એમના ચાર મુખ્ય યોગના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. (૧) ષોડશક (૨) યોગવિંશિકા (૩) યોગબિંદુ (૪) યોગદ્રષ્ટિસમુચ્ચય આ ચારે પુસ્તકોમાં ભિન્ન ભિન્ન દ્રષ્ટિકોણથી યોગની વ્યાખ્યા કરવામાં આવી છે. યોગના વર્ણનમાં ધ્યાનને જ મુખ્ય ગણવામાં આવેલ છે. શ્રી હરિભદ્રસૂરિએ રાજયોગને જ વિશેષ ભાગે ચર્ચેલ છે. રાજયોગનાજ જૈન સાધુઓ ઉપાસકો છે.

હરિભદ્રસૂરિ પછી રાજયોગનું સાહિત્ય જૈનોના સાધુઓનું વિશેષ પ્રમાણમાં મને દેખાયું નથી. આજના જૈન સાધુઓ ધ્યાનનો મહિમા આચારમાં ઉતારે છે. એઓ એકાંત, શ્રવણ, મનન, પરિપાક ને અંતે નિદિધ્યાસન સુધીના માર્ગે ગમન કરે છે, પરંતુ યોગના પ્રયાસોની પ્રથા પ્રસિદ્ધ થઇ નથી. જૈનોમાં એકાંત મહિમા છે. ધ્યાન ઉપર ધ્યેય ધારવામાં આવ્યું છે. વૈરાગ્ય તો એમની દરેક ક્રિયામાં છે. અભ્યાસને પણ અગત્યતા આપવામાં આવે છે. આ સર્વ સોનાની થાળીમાં એક મોટી લોઢાની મેખ છે. જૈન ધર્મના મુખ્ય સ્તંભો અહિંસા અને તપ સંયમ છે; છતાં સાધુ મહારાજો બાહ્ય ક્રિયાઓ અને બાહ્ય આચારો ઉપર બહુ ભારે વજન મૂકે છે. એકલા બાહ્ય આચારો પાલન ઉપર જૈન આધ્યાત્મિક ઉન્નતિની કિંમત કે કદર થવી જોઇએ નહિ. સાધુશ્રીઓના વૈરાગ્ય અને આધ્યાત્મિકતાની જ ખરી કિંમત છે. તિથિવાદ જેવા નજીવા વાદોને માટે મુખ્ય સ્થાન નથી. સમાધિ સુધી પણ યોગી શાંતિવિજયજી (આબુ) જેવા સાધુઓ પહોંચતા હશે. એ સાધુજી હમણા વિદેહ થયા છે.

શ્રી પતંજલીના યોગમાં અને જૈન યોગમાં સહજ ભિન્નતા પણ છે. જૈન યોગશાસ્ત્ર વસ્તુને દ્રવ્ય પર્યાયરૂપ માને છે, યોગશાસ્ત્રમાં उत्पादव्ययध्रौव्यं युक्तं सत् ( યોગસૂત્ર, ૩ ૧૩–૧૪ ) માં જે ધર્મ ધર્મીની વ્યાખ્યા આપી છે તે દ્રવ્ય પર્યાય ઉભયને લાગુ પડે છે. અર્થાત ઉત્પન્ન, વ્યય, ધ્રૌવ્ય આ ત્રણેયનું સ્વરૂપ એમને લાગુ પડે છે. જૈન યોગ દર્શનને "सर्वे भावाः परिणामिनः એવો પરિણામવાદનો સિદ્ધાંત જડ અને ચેતન ઉભયમાં લાગુ કરે છે. ઉત્પાદવ્યયરૂપ પર્યાય જડ અને ચેતન બંનેમાં દાખલ કરે છે. યોગસૂત્રો ( પતંજલીના ) ऋते चितिशक्तिः परिणामिनो भावाः આ સૂત્ર અનુસાર પરિણામવાદનો જડ એટલે પ્રકૃતિ ભાગમાં જ ઉપયોગ કરે છે. ચેતનમાં કરતા નથી, બંને દર્શનોમાં આ મહત્વની ભિન્નતા છે.

શ્રી હરિભદ્રસૂરિજી આધ્યાત્મિક વિકાસનું વર્ણન ચૌદ ગુણસ્થાન રૂપમાં, ચાર ધ્યાન સ્વરૂપમાં અને બહિરાત્માની ત્રણ અવસ્થા રૂપમાં જૈન યોગશાસ્ત્રની શૈલીમાં વર્ણન કરે છે; પણ તેઓશ્રી પતંજલીના યોગસૂત્રને જરા પણ વ્હીલો મૂકતા નથી, છેવટ સુધી એનો આશ્રય કરે છે. શ્રી સૂરિજી નદીરૂપે સંસારનું વર્ણન કરે છે. કાળરૂપી નદી અપરિમિત અને વિસ્તીર્ણ છે. એના પ્રવાહનું નામ વાસના છે. એના બે છેડામાંથી પ્રથમ અનાદિ અને બીજો સાન્ત છે. યોગબિંદુમાં સૂરિજી જણાવે છે કે– જ્યારે આત્માના ઉપર મોહના પડળો ઉતરવા માંડે છે ત્યારે આધ્યાત્મિક ઉન્નતિના પગથિયા ચડાય છે. આધ્યાત્મિક વિકાસ વગરની સ્થિતિના સમયને જૈન શાસ્ત્ર અચરમ–પુદ્ગલ–પરાવર્તથી ઓળખે છે. જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રમાં પર્યાય શબ્દો એક જ અર્થવાળા છતાં પતંજલી યોગશાસ્ત્રથી ભિન્ન આપ્યા છે. આધ્યાત્મિક વિકાસના સમયને જૈન શાસ્ત્ર ચરમ-પુદ્ગલ-પરાવર્તને નામે ઓળખાવે છે.

આત્માની આધ્યાત્મિકતા શરૂ થઇ એટલે મોહનું દબાણ ઓછું થઇ મોહ ઉપર અત્માનું આધિપત્ય વધે છે. આથી આત્માના નૈસર્ગિક ગુણો જેવા કે સરલતા, ઔદાર્ય, નમ્રતા, પરોપકાર, સંયમ દીપી નીકળે છે. આચાર્યશ્રી બૌદ્ધ અને યોગદર્શનની પેઠે જ પાંચ ભૂમિકાઓ, અધ્યાત્મ, ભાવના, ધ્યાન સમતા ( સંપ્રજ્ઞાત યોગ ) અને વૃત્તિ સંક્ષય ( અસંપ્રાજ્ઞાત ) કહે છે યોગદષ્ટિસમુચ્ચયમાં યોગ દૃષ્ટિને સરસ રીતે આઠ ભૂમિકાઓમાં સમજાવે છે. વિશિષ્ઠ આધ્યાત્મિક વિકાસને ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગની ત્રણ ભૂમિકાઓમાં વહેંચી નાખે છે. શ્રી પતંજલીની પેઠે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એમ આઠ યોગદૃષ્ટિઓના વર્ણનમાં કહે છે. પહેલી ચાર યોગદૃષ્ટિઓમાં અવિદ્યાને નજીવો અંશ રહે છે. પાછલી ચાર ચાર દૃષ્ટિઓમાં નથી. આચાર્યશ્રી ચાર પ્રકારના યોગીઓનું સ્વરૂપ દેખાડે છે.

આચાર્યશ્રીની યોગવિંશિકામાં યોગની અંતિમ સ્થિતિનુ વર્ણન છે. ત્યાગીને યોગના અધિકારી માન્યા છે એમાં યોગની પાંચ ભૂમિકાઓ જેવી કે સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને નિરાલંબનની વ્યાખ્યાઓ વર્ણવી છે. પ્રથમની કર્ણયોગ અને પાછળની ત્રણને જ્ઞાનયોગના નામ આપ્યા છે. પાંચે ભૂમિકાઓની જુદી જુદી અનેક સ્થિતિઓનું વર્ણન કહી એના એંશી જેટલા સૂક્ષ્મ ભેદોને દેખાડે છે. આથી સાધન વિકાશનાં તબક્કાઓ સમજી શકે છે. અંતમાં યોગબિંદુના ૬૬મા શ્લોકમાં આચાર્યશ્રી બોધે છે કે—

**उक्तं च योगमार्गज्ञैस्तपो निर्धुतकल्मषैः ।**
**भावियोगहिता योच्चैर्मोह दीप समं वचः ॥**

આ પ્રમાણે શ્રી પતંજલી જેવા યોગમાર્ગજ્ઞાતાઓએ યોગશાસ્ત્રનું નિરૂપણ કર્યું છે. યોગ જિજ્ઞાસુ શીલવાન સજ્જન માટે એમની હિતદૃષ્ટિ માટે તથા મોહરૂપી અંધકારના દીવારૂપ આ યોગશાસ્ત્રનું નિરૂપણ કર્યું છે.

હું ઇચ્છું છું કે આ કાળના સાધુશ્રીઓ એ યોગમાર્ગને વિશેષ રૂપે કેળવી જૈન ધર્મના સમદૃષ્ટિ અને સંયમને પાળવાનું દૃઢ કરાવે.

**ડુંગરશી ધરમશી સંપટ**

# उपाध्याय श्रीमद् यशोविजयजीनुं जीवन रहस्य ।

**त्रिषयानुबंधबंधुरमन्यन्न किमप्यतः फलं याचे ।**
**इच्छाम्येकंजन्मनि जिनमतरागंपरत्राऽपि ॥**

ઉ૦ કૃત न्यायालोकप्रશસ્તિ શ્લોક.

ઉપરનો શ્લોક સ્વ૦ **શ્રી યશોવિજયજી** મહારાજે સ્વકૃત **ન્યાયાલોક** ગ્રંથની પ્રશસ્તિમાં દર્શાવેલો છે. આ જન્મ અને અન્ય જન્મોમાં પરમાત્માનું દર્શન મળે તેમ ઇચ્છયું છે. જિનમત તરફનો તેમનો ભક્તિભાવ અપૂર્વ હતો એ સાબિત થાય છે. જેમ શ્રીમદ હેમચંદ્રાચાર્યે जिनधर्मविमुक्तोपिमाभूवं तन्मेत्त्वदेकशरणस्येयरण्यभूयाः स्वामी त्वमेय भुवनेऽत्रभवान्तरेऽपि "—આ રીતે ઉપાધ્યાયજીએ પણ ભવોભવમાં જૈનદર્શન ઇચ્છયું છે—આ ભક્તિભાવના સાથે

**स्वागमं रागमात्रेण द्वेषमात्रात्परागमं ।**
**नश्रयामस्त्यजामो वा किंतु मध्यस्थयादृशा.**

આ જ્ઞાનસારના **૧૬** મા અષ્ટકનો શ્લોક છે અને તેમાં જિનદર્શનના સ્વીકારમાં શ્રી **હરિભદ્રસૂરિની** માફક સ્વાગમપ્રતિ રાગ અને અન્ય દર્શન તરફ દ્વેષ એ બન્નેને તજીને મધ્યસ્થપણે ન્યાયની કોટિથી ઉચિત અને સત્ય જૈનદર્શનને ઓળખી સ્વીકાર્યની હકીકત છે. મતલબ કે એમનો ભક્તિભાવ અંધશ્રદ્ધાનો નહોતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચકે તત્ત્વાર્થ સૂત્રની સ્વોપજ્ઞકારિકામાં भावितभावो भवेष्वनेकेषु એ વાકયથી સૂચવ્યું છે કે શ્રી મહાવીર પરમાત્માએ અનેક જન્મોમાં શુભ સંસ્કારોની વૃદ્ધિ કર્યા પછી તીર્થંકરપણું પ્રાપ્ત કર્યું હતું. તેમજ બુદ્ધલીલાસાર સંગ્રહમાં એક હકીકત છે કે–બુદ્ધના પૂર્વજન્મો કે જે બોધિસત્ત્વ તરીકે ઓળખાય છે તે સંબંધમાં પૂર્વ જન્મમાં બોધિસત્ત્વ સુમેધ બોલ્યા છે કે "મ્હને જો બુદ્ધત્વ પ્રાપ્ત થવાનું છે તો મારે દાન શીલ નૈષ્કર્મ્ય પ્રજ્ઞા વીર્ય ક્ષાંતિ સત્ય અધિષ્ઠાન મૈત્રી અને ઉપેક્ષા એ દશ પારમિતાઓનો–અભ્યાસ કરવો જોઇએ પણ આ એક જ જન્મમાં સાધ્ય થશે? ના–અનેક જન્મના અભ્યાસ પછી આ દશ પારમિતાઓ સાધ્ય થશે. બીજા લાભો કરતાં બુદ્ધત્વ જ મને પ્રિય હોવાથી આજ પછી પ્રતિજન્મે પારમિતાઓનો અભ્યાસ કરીશ"–આ બન્ને દષ્ટિબિંદુઓ ( points of view ) સૂચવે છે કે, શ્રીમદ્ ઉપાધ્યાયજીનું જીવનરહસ્ય એટલે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, શ્રદ્ધા, વીરરસ યોગ અધ્યાત્મ ગુણાનુરાગ વાદકુશળતા ઉચ્ચ સ્મરણશક્તિ વિગેરે ગુણો અનેક જન્મોના અભ્યાસના પરિપાક પછી એમનામાં એકત્ર થયા હશે. અને તેથી જ તેમણે પોતાના સાધુજીવનમાં આ તમામ સદ્ગુણોના વિકાસવાળું ગ્રંથસાહિત્ય સર્જેલું છે–આ રીતે એમના જીવનનું રહસ્ય મૂકવું એટલે ઉપરોક્ત ગુણોનું સૌમ્ય પૂજન ગણાય.

એમનું બાહ્યજીવન તપાસતાં જન્મ લગભગ સં. ૧૬૮૦ પૂર્વે સંભવે છે. બાલ્યાવસ્થામાં એમના પિતાશ્રી મૃત્યુ પામ્યા હતા; સાંસારિક નામ એમનું જસવંત હતું. ગુજરાતના કલોલ અને પાટણ વચ્ચે આવેલા કન્હોડ ગામમાં વણિક જ્ઞાતિના પિતા નારાયણ અને માતા સોભાગદેને ત્યાં તેમનો જન્મ થયો. પોતે જે જે ગ્રંથો બનાવ્યા તે સર્વનું ઉપપાદન પ્રાચીન અને પ્રમાણિક ગ્રંથોની સમ્મતિદ્વારા કર્યું છે અને અનેક સ્થળે સાક્ષીઓ તે તે ગ્રંથોની આપેલી છે; કોઇ ગ્રંથનો અર્થ કાઢવામાં ખેંચતાણ કરી નથી; તર્ક અને સિદ્ધાંતનું સમતોલપણું જાળવી પોતાના વક્તવ્યની પુષ્ટિ કરી છે; તટસ્થ વિદ્વાનની દષ્ટિએ પણ જૈન સંપ્રદાયમાં ઉપાધ્યાયજીનું સ્થાન વૈદિક સંપ્રદાયમાં શંકરાચાર્ય કરતાં અનેક રીતે શ્રેષ્ઠ છે.

સ્વ. ઉપાધ્યાયજીનું વચન 'ટંકશાળી' ગણાય છે; જેમ ટંકશાળના રૂપીઆ માટે પ્રચલિતપણું નિઃસંદેહ હોય છે તેમ એમના ગ્રંથની સાક્ષી અપાય એટલે વિવાદ માટે સ્થાન રહેતું નથી; શ્રી હરિભદ્રસૂરિ અને હેમચંદ્રાચાર્ય પછી યુગપ્રધાન તરીકે એમનો નંબર ગણાય છે. ઉપાધ્યાયજીના જૈન તત્ત્વજ્ઞાન આચાર અલંકાર છંદ વિગેરે અન્ય વિષયોના ગ્રંથોને બાદ કરી માત્ર જૈન ન્યાય વિષયક ગ્રંથો ઉપર નજર નાંખીએ તો એમ કહેવું પડે છે કે સિદ્ધસેનસૂરિ અને સમંતભદ્રથી વાદિદેવસૂરિ અને હેમચંદ્રાચાર્ય સુધીમાં જૈન ન્યાયનો આત્મા જેટલો વિકસિત થયો હતો તે પૂરેપૂરો ઉપાધ્યાયજીના તર્ક ગ્રંથોમાં મૂર્તિમાન થાય છે અને એ રીતે એમનાદ્વારા જૈનવાંગમય કૃતકૃત્ય થયેલું છે. ( ચાલુ )

**શ્રી ફતેહચંદ ઝવેરભાઈ.**

# વર્તમાન સમાચાર.

## પંજાબકેસરીનો પંજાબ તરફ વિહાર.

પંજાબકેશરી આચાર્યવર્ય **શ્રીમદ્ વિજયવલ્લભ સૂરીશ્વરજી** મહારાજ પોતાના વિદ્વાન શિષ્ય પ્રશિષ્યાદિ મંડલસહ કા. વ. પ્રતિપદાએ બિકાનેરથી ત્રણ માઇલ પર આવેલ શિવવાડી શ્રી પાર્શ્વનાથ પ્રભુના દર્શનાર્થે પધાર્યા હતા. કા. સુ. બીજે પૂ. પા. શ્રી આચાર્યશ્રીજીના જન્મદિવસની ખુશાલી નિમિત્તે શ્રીમતી મહારાણી સાહેબાએ નેકનામદાર મહારાજ કુમારના પ્રાઇવેટ સેક્રેટરી વગેરે દર્શને આવ્યા હતા. તેમની હસ્તક પચીસ રૂપીયા ભેટ મોકલેલ જે આચાર્યજીના પગ પાસે મૂકતાં તે રકમ જીવદયામાં વાપરવા આચાર્ય મહારાજે સૂચવ્યું હતું.

કા. વ. છઠ્ઠે આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્વરજી મહારાજે સપરિવાર પંજાબ તરફ વિહાર કર્યો. સાતમે સોહન કોઠીથી આચાર્યશ્રીજી આદિ મુનિમળ વિહાર કરી ઉદયસર પધાર્યા., ઉદયસરથી પ્રેમાસર, ડેરસર, માલસર, કરણીસર, ખારિયા, દુલમેરા, સુરનાણ ગ્રામોમાં ધર્મપ્રચાર કરતા અમાવાસ્યાએ લુણકરણસર પધાર્યા.

બાબુ ધનપતસિંહજીના પૌત્ર બાબુ તેજબહાદુરસિંહજી (એમણે પર્યુષણથી ભાત અને આસોથી ઘીનો ત્યાગ કર્યો હતો કારણ કે જ્યાં સુધી આચાર્યશ્રીના દર્શન ન થાય ત્યાં સુધી ઘી તથા ભાત ન ખાવા) પધાર્યા હતા.

અહીં આચાર્યશ્રીજી પાંચ દિવસ બિરાજી મા. સુ. પાંચમે વિહાર કરી ખોખરાણુ પધાર્યા. અહિં બે દિવસ વિહાર કરી ડેલાણાદિ થઇ મ. સુ. તેરસે મહાજન ગામ પધાર્યા.

પૂ. પા. આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ આદિ મહાજનથી વિહાર કરી સૂરતગઢ માગસર વદિ પાંચમે પધાર્યા.

સરદારપુરવાલા એક જૈનેતર બંધુએ આચાર્યશ્રીજીની પાસે જૈનધર્મ સ્વીકાર્યો.

સવારે સંક્રાન્તી મહોત્સવમાં પણ ખૂબ ઠાઠ રહ્યો.

માહ શુદિ ૧૫ મે ફાજિલકા પધારશે જ્યાં ફાગણ શુદ ૫ ના રોજ શ્રી ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિષ્ઠા કરશે.

દરેક સ્થળે ઉપદેશનું પાન કરાવતાં, શાસન પ્રભાવના કરાવતા હતા.

## આચાર્યશ્રી વિજયમોહનસૂરીશ્વરનો સ્વર્ગવાસ.

જૈન સમાજના મુખ્ય અને વિદ્વાન આચાર્યો પૈકીના એક સુપ્રસિદ્ધ પ્રખર વ્યાખ્યાનકાર, **શ્રી વિજયમોહનસૂરીશ્વરજી** મહારાજનો ડભોઇ શહેરમાં પોષ શુદ ૯ શનિવારના રોજ સ્વર્ગવાસ થયો છે. કેટલોક વખત વૃદ્ધાવસ્થાને લઇને સામાન્ય માંદગી ચાલતી હોવા છતાં, સ્વાધ્યાય, શિષ્યોને શાસ્ત્રાભ્યાસ, સાધુક્રિયા અને વિહાર સતત કરતા જ હતા. ડભોઇના ગયા ચાતુર્માસમાં એમના ઉપદેશવડે શાસન પ્રભાવનાના અનેક ધાર્મિક કાર્યો થયા હતા. ગયા કારતક માસથી બિમારીએ જોર પકડયું હતું. ત્યાંના શ્રી સંઘે અનેક ઉપાયોવડે શાંતિ માટે ઉપચારો કર્યા છતાં ભાવિભાવ બળવાન હોઇ આયુષ્ય પૂર્ણ



થતાં અંતિમ સમયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે, જેથી જૈન સમાજને એક વિદ્વાન સમર્થ વ્યાખ્યાનકાર, સંગીન શાસ્ત્રાભ્યાસી આચાર્યશ્રીની ભારે ખોટ પડી છે. આચાર્ય મહારાજે તો જીવનમાં ઘણું ઉચ્ચ જ્ઞાન સંપાદન કર્યું હતું, તેમજ પોતાના શિષ્યો, પ્રશિષ્યો વગેરે મુનિરાજઓને પણ ભાષા, તત્ત્વજ્ઞાન, પ્રકરણો વગેરેનું જ્ઞાન આપ્યું હતું કે જે પ્રકરણાદિ અભ્યાસીઓને અતિસરલ અને ઉપયોગી થઇ પડે તેવા અત્યાર સુધીમાં પ્રકટ થયેલ ગ્રંથોનું પ્રકાશન તેની સાક્ષી પૂરે છે. તેમજ શ્રી સિદ્ધક્ષેત્ર-પાલીતાણામાં અનુપમ સાહિત્યમંદિરની સ્થાપના તે આચાર્ય મહારાજના જૈન સાહિત્ય પ્રત્યે અપ્રતિમ પ્રેમ તરીકે હાલ તેઓશ્રીના સ્મારક તરીકે મોજુદ છે.

આવા એક વિદ્વાન આચાર્યની જૈન સમાજને જે ખોટ પડી છે તે નહિ પુરાય તેવી છે. આ સભા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર તેઓની કૃપા હોઇ સભાને અત્યંત દિલગીરી થાય છે. તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ આ સભા પરમાત્માને પ્રાર્થના કરે છે.

## શેઠ શ્રી હીરાચંદ વસનજીનો સ્વર્ગવાસ.

પોરબંદરનિવાસી શેઠ હીરાચંદ વસનજી સુમારે એંસી વર્ષની ઉમરે ગયા માસમાં સ્વર્ગવાસ પામ્યા છે. મુંબઇખાતે વ્યાપારમાં લક્ષ્મી પ્રાપ્ત કર્યા પછી વૃદ્ધ વયમાં પોરબંદરમાં નિવૃત્તિસ્થાન લીધું હતું. પાછળની જિંદગીમાં કેળવણી વગેરેમાં લક્ષ્મીનો ધાર્મિક કાર્યમાં સદ્વ્યય કરતા હતા. સ્વભાવે મિલનસાર, સત્યવક્તા અને ધર્મશ્રદ્ધાળુ હતા. આ સભાની કાર્યવાહી ઉપર સંપૂર્ણ પ્રેમ હોઇ ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર થયા હતા, જેથી એક ધર્મશ્રદ્ધાળુ સભ્યની સભાને ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીએ.

## — : શોકજનક અવસાન : —

ધોલેરાવાસી શેઠ દલીચંદ પરશોતમ દોશી જેઓ પોતાના જીવનમાં ધાર્મિક કાર્યો તથા ગુપ્તદાનોમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરતા હતા અને ઉદારવૃત્તિથી સારી પ્રતિષ્ઠા મેળવી હતી. તેઓશ્રીનું તા. ૨૫–૧૨–૪૪ ના રોજ લીંબડીમાં અવસાન થયેલ છે.

આ સભાના તેઓ સભાસદ હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી એક ધર્મશ્રદ્ધાળુ સભ્યની સભાને ખોટ પડી છે. પ્રભુ સદ્ગતના આત્માને શાન્તિ અર્પે.

### સુધારો.

જૈન પત્રે પાંચ માસનું પંચાંગ જલદીથી વરસ બેસતાં જ સમાજની સગવડ ખાતર પ્રગટ કરેલ, જે અમોએ સગવડતા ખાતર વહેલા ખરીદી અમારા ગ્રાહકોને મોકલેલ હતું, જેમાં વાર્ષિક જૈન પર્વોના હેડીંગ નીચે પોષ શુદિ ૧૩ બુધ મેરુતેરસ ભૂલથી પ્રેસદોષથી છપાયેલ છે, તેને બદલે પોષ વદિ ૧૩ શુક્રવાર મેરુતેરસ સમજવી.

## આભાર સ્વીકાર–

નીચેના ગ્રંથો આ સભાને ભેટ મળ્યા છે જે આભાર સાથે સ્વીકારવામાં આવે છે.

૧ ભરત બાહુબલિ રાસ, પંડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી
૨ જિન સંગીતસરિતા મુનિ દક્ષવિજયજી
૩ હેમુ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
૪ ઉપવન ,,
૫ શ્રી સિદ્ધહેમદીપિકા મુનિ શ્રી મહિમાપ્રભવિજયજી
૬ સદ્બોધ સંચય મુનિ મહિમાવિજયજી
૭ પુણ્યસારકથાનકમ્
શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનભંડારના કાર્યવાહક

## આ સભાનું પ્રકાશનખાતું.

### પ્રાકૃત–સંસ્કૃત.

૧ શ્રી બૃહતકલ્પસૂત્ર ભાગ છઠ્ઠો.
૨ શ્રીત્રિષષ્ઠિશ્લાકા પુરુષચરિત્ર (પ્રથમ પર્વ સિવાય)
૩ શ્રી ધર્માભ્યુદય મહાકાવ્ય.
૪ પ્રાકૃત–વ્યાકરણ ઢુંઢિકા.

### છપાતાં ગુજરાતી ગ્રંથો.

૧. શ્રી પાર્શ્વનાથ ચરિત્ર, ૨. સંઘપતિ ચરિત્ર, ૩. શ્રી વસુદેવ હિંડિ, ૪. કથારત્નકોષ, ૫. શ્રી મહાવીરપ્રભુના વખતની મહાદેવીઓ, ૬. શ્રી તપોરત્ન મહોદધિ, તપોનું નામ–વિધિ–વિધાન સહિત (બીજી આવૃતિ), ૭. લાઇબ્રેરીનું કક્કાવાર લીસ્ટ.

## નવા થયેલાં માનવંતા લાઇફ મેમ્બરો.

૧ શાહ ભોગીલાલ જીવરાજભાઇ ભાવનગર બીજો વર્ગ
૨ ,, રતનશી ગુલાબચંદ ,, ,,
૩ ,, ત્રિભુવનદાસ મેઘજીભાઇ ,, ,,
૪ ભાવસાર કેશવલાલ જીવરાજ ,, ,,
૫ શાહ લીલાધર મેઘજીભાઇ મુંબઇ ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# શ્રી કુંવરજીભાઇનો સ્વર્ગવાસ.

પોષ સુદ ૧૧ સોમવારના રોજ શ્રીમાન કુંવરજીભાઇ સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રીનો જન્મ સંવત ૧૯૨૦ ના ફાગણ સુદ ૮ ના રોજ થયો હતો. પૂર્વભવનો ક્ષયોપશમ સાથે વ્યાપાર તથા વ્યવહારમાંથી જ્ઞાન પ્રાપ્ત કરવા પૂજ્ય પિતાશ્રી અને બંધુઓએ જ્ઞાન વિકસાવવા માર્ગ પણ કરી આપ્યો હતો. સત્તર વર્ષની ઉંમરે શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનું સ્થાપન અને ૨૦ મે વર્ષે જૈન ધર્મ પ્રકાશ માસિકનું પ્રકાશન તે બન્નેની આ શહેરમાં પ્રથમ સ્થાપના તેમના હસ્તક થઈ હતી, જે આજે પણ હૈયાત છે. શ્રી પ્રસારક સભાનો આત્મા એટલે કુંવરજીભાઇ હતા. તેમનું આખું જીવન મોટે ભાગે મુનિમહારાજાઓના સહવાસ અને નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની રુચિ અને શ્રાવકોચિત ક્રિયામાર્ગથી પસાર થયું હતું. કર્મગ્રંથ આદિ પ્રકરણો અને લોકપ્રકાશ ગ્રંથનો અભ્યાસ તેઓશ્રીનો સંગીન હતો. તેનો અભ્યાસ ખપી સાધુ–સાધ્વી મહારાજને પણ કરાવતા હતા. પોતે જ્ઞાન મેળવ્યું અને આપ્યું, ભણ્યા અને ભણાવ્યા, વિદ્યાર્થી બન્યા અને મહેતાજી થઇ વિદ્યાર્થી બનાવ્યા શ્રી જૈન ધર્મ પ્રસારક સભાને પ્રગતિશીલ બનાવવાનું અને જ્ઞાન સંપાદન કરવાનું જ તેમનું જીવનનું ધ્યેય હતું તે અંતિમ પળ સુધી સાચવી રાખ્યું હતું.



અત્રેની અન્ય સંસ્થાઓમાં પણ તેમની સહાય, સૂચના અને સલાહ ઉપયોગી થઇ પડતી હતી. તેમના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

## –:: વિષયાનુક્રમ ::–


૧ શ્રી અજિતજીન સ્તુતિ. ... ... ... ... ( મુનિ. યશોભદ્રવિજયજી ) પા. ૯૫
૨ સંક્ષિપ્ત બોધ વચનમાળા ... ... ... ( શ્રી વિજયપદ્મસૂરિ ) પા. ૯૫
૩ અધ્યાત્મ વચન ... ... ... ... ( સં. મુનિ. પુણ્યવિજયજી ) પા. ૯૭
૪ જિનેન્દ્ર ભક્તિનું મહાત્મ્ય .... ... ... ... ( મુનિ. લક્ષ્મીસાગરજી ) પા. ૯૮
૫ આચાર્યશ્રી હરિભદ્રસુરિનો યોગ. ... ... ... ( ડુંગરશી ધરમશી સંપટ ) પા. ૯૯
૬ ઉપાધ્યાયશ્રી યશોવિજયજીનું જીવન રહસ્ય ... ... ( ફતેહચંદ ઝવેરભાઈ ) પા. ૧૦૦
૭ વર્તમાન સમાચાર પંજાબ, સ્વર્ગવાસ નોંધો ... ... ... ... ... પા. ૧૦૧


મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only